

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પક્ષોમાં સત્તા માટે મામલો તંગ થઈ ગયો છે,*
*ટિકીટોની પડાપડી માટે જંગ થઈ ગયો છે.*
*દંગ થઈ ગયો છે સમાજ, સેવકોની વૃત્તિથી -*
*સંપ-કર્તવ્ય-નિષ્ઠામાં શિસ્ત ભંગ થઈ ગયો છે*

**હાઈકુ**

*ટિકીટ ચૂલે*
*અસંતોષ દેગડે -*
*ઉકળે ચરૂ...*

*ના રાજીનામાં*
*છે ખેદાન-મેદાન -*
*પક્ષીય શાંતિ...*

### ચિંતન

**ગુણગ્રામા વિસંવાદિ નામાપિ હિ મહાત્મનામ્ ।**
**યથા સુવર્ણ-શ્રીખંડ-રત્નાકર-સુધાકરાઃ ॥**

ઘણીવાર મહાન પદાર્થો નામ પણ ગુણને અનુસરીને હોય છે અને શોભે છે.જેમ કે : સારા વર્ણ-રંગનું એટલે કે - સુવર્ણ. (સોનું) શોભા-શીતળતાનો ખંડ-કંટકો એટલે શ્રીખંડ (ચંદન) રત્નોની ખાણ એટલે કે રત્નાકર (સમુદ્ર) અને અમૃત આપનાર એ સુધાકર (ચંદ્ર) શીતલતા જેવું અમૃત આપે છે.

આજે વ્યવહારમાં કૃષ્ણકાંત, કર્ણ, અર્જૂન, સહદેવ જેવાં નામો પ્રચલિત છે અને જોવા મળે છે પણ દુર્યોધન-શકુનિ જેવાં નામ કોઈ રાખતું નથી. નામનો પ્રભાવ હોય છે. 'રામ' મર્યાદાપુરુષોત્તમ-નમ્ર હતા. આજે પણ 'રામ' નામી લોકો સજ્જન તો હોય જ છે. જયારે કેટલાક 'કૃષ્ણ' ચાલાક-ચાણક્ય હોય એવું પણ જોવા મળે છે. કપિલદેવ ઉછાંછળા હોઈ શકે! 'નીતિશ', નીતિવાન હોય, 'લાલુ' લાભ પર લેટે નામનો પ્રભાવ વ્યક્તિ અને વ્યક્તિત્વ પર પડે જ છે. તમારું નામ શું?આત્મદર્શન કરજો.

### સુવિચાર

- લગાવું ધ્યાન જો વનમાં જઈએ... વિચારો ઘર તરફ ભાગ્યા કરે છે... - **કનૈયાલાલ પંડ્યા**
- મા કોઈ દિવસ શબ્દ કોશમાં શબ્દો બોલતી નથી,
  પણ એ હૃદયકોશના શબ્દો બોલે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- માણસ પોતાના સુખનું તાળુ ઉઘાડવા માટે ખોટી ચાવીઓ વાપર્યા કરે છે
  અને સુખનું તાળું એમ જલ્દી ખુલતું નથી - **માનસસૂત્ર**
- જેને પણ મનની શુદ્ધિ થાય તે વસુદેવ છે અને બુદ્ધિની શુદ્ધિ થાય તે જ દેવ કી બની શકે...
  આ બંનેનો મેળ થાય તો શ્રીકૃષ્ણ સ્વયં પ્રગટે - **અમૃતબિંદુ**
- ભગવાનનું સ્મરણ, શ્રવણ અને કિર્તન કરવામાં આવે તો મૃત્યુનો ભય પણ વ્યક્તિના જીવનમાંથી
  આપમેળે દૂર થવા લાગે છે - **ભક્તિસૂત્ર**
- શરીરના કોઈ પણ દંડથી આત્માની બિમારી જતી નથી - **સંત ફ્રાન્સિસ** (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કેટલાંક લોકોનો સ્વભાવ કડવો, દોષદષ્ટિ હોય છે આથી સૌમાં અપ્રિય થાય છે મધુર વાણી અને નમ્ર સ્વભાવથી લોકપ્રિય-સન્માન મળે છે.

રાજા શત્રુદમનનો પુત્ર અરિદમન અત્યંત અહંકારી હતો. તેનામાં કરૂણા, ઉદારતા, સેવા, સહાનુભૂતિ જેવા ગુણોનો સર્વથા અભાવ હતો. રાજા પણ તેના સ્વભાવથી પરિચિત હતા. એટલે તેમણે તેને એક સિદ્ધ મહાત્મા પાસે સ્વભાવ પરિવર્તનના ઉદ્દેશ્યથી મોકલી દીધો. એક દિવસ મહાત્માએ અરિદમનને એક વૃક્ષના પાંડદા તોડી લાવવા કહ્યું, સાથે જ એવો પણ આદેશ આપ્યો કે જો પાંદડાં કડવાં હોય ન લાવવા.

ઘણો બધો સમય વીત્યા પછી અરિદમન પાછો આવ્યો અને મહાત્માજીને કહ્યું, 'મહારાજ! એ બધાં પાંદડાં કડવાં હતા, પૂજાને યોગ્ય ન હતા એટલે હું એ નથી લાગ્યો.'

મહાત્મા બોલ્યા, 'પુત્ર! તેવી રીતે જીવનમાંથી પણ બધી કડવી ચીજે ફેંકી દેવા યોગ્ય હોય છે તું પણ તારી અંદરથી દોષ-દુર્ગુણોરુપી કડવાશને ફેંકી દે અને બધા પ્રર્ત્યે મધુર બન. મધુર વ્યક્તિ જ સન્માનને પાત્ર હોય છે.'

તે દિવસથી અરિદમનનો કાયાકલ્પ થઈ ગયો.

## મામાનું ઘર કેટલે ?

### તંત્રીસ્થાનેથી....

બિહારની ચૂંટણી કદાચ ગિનેશ બુકમાં વિશ્વવિક્રમ સ્વરુપે નોંધી શકાય એ હદે બહુચર્ચિત રહી છે. લોકશાહીની આ પણ એક વિશિષ્ટ તાસીર છે કહેવત છે કે જો જીતા વો સિકંદર. બિહાર તો પાછું જૂના જમાનાનું મગધ સામ્રાજય. ચાણક્ય અને ચંદ્રગુપ્તથી લઈ સમ્રાટ પ્રિયદર્શી અશોક સુધીની મહાન વિભૂતિઓ, બુદ્ધ-મહાવીર સરખા મહાત્માઓ, અશ્વઘોષ અને જયદેવ જેવા મહાકવિઓ અને નજીકના ભૂતકાળમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, જયપ્રકાશ નારાયણ અને જગજીવનરામ જેવા લોકપ્રિય જનનાયકોની આ જન્મભૂમિને ગંગા, કોશી જેવી મોટી નદીઓનો વિપુલ જળરાશિ ઉપલબ્ધ છે. વધુ પડતાં પાણીને કારણે તારાજ થતું રહેતું બિહાર છેલ્લાં ઘણાં વર્ષોથી 'બીમારુ' રાજયની કેટેગરીમાં આવે છે. પરંતુ ભૂતકાળમાં વિશ્વની પહેલી યુનિવર્સિટી - નાલંદા વિદ્યાવિહાર અહીં જ સ્થપાઈ હતી. આવો ભવ્ય, ભાતીગળ અતીત અને વસમો વર્તમાન ધરાવતું બિહાર છેલ્લા કેટલાક દિવસો દરમિયાન મોદી અને લાલુ-નીતીશની લડાઈનું કુરુક્ષેત્ર બની રહ્યું હતું. લોકશાહીની પ્રયોગશાળા જેવી આ ચૂંટણીએ આપણું રાજકારણ કઈ હદે સત્તા હસ્તગત કરવી એ જ એક માત્ર ઉદ્દેશ હોય એ રીતે તમામ રાજકીય નેતાઓ એ શેહશરમ છોડીને એમની તમામ તાકાત દાવ પર લગાવી દીધી હતી તે સર્વવિદિત છે. અહીં કોઈ સાધનશુદધિ જેવી વસ્તુ દીવો લઈને શોધવા નીકળતાં જડે એમ નહોતી. મોદી અને લાલુ એકબીજાને ઉતારી પાડવા માટે છેલ્લી કક્ષાની હલકી ભાષા વાપરતા હતા ત્યારે પ્રમાણમાં 'સુશાસન બાબુ' ના હુલામણા નામે ઓળખાતા નીતીશકુમાર એમનું સ્તર જાળવવા પ્રયાસ કરતા રહ્યા, એની પોઝિટિવ અસર ચૂંટણીના છેલ્લા તબક્કાના વિક્રમજનક મતદાન પછી હાથ ધરાયેલા સર્વોક્ષણોમાં દૃષ્ટિગોચર થયા વગર રહેતી નથી. જુદી જુદી સાત એજન્સીઓ દ્વારા સંપન્ન થયેલા 'ઑક્ઝિટ પૉલ' પૈકીનાં પાંચ સર્વેક્ષણો નીતીશના નેતૃત્વ હેઠળ ચૂંટણીના મેદાનમાં ઊતરેલ મહાગઠબંધનનો ઘોડો 'વિન' માં હોવાની આગાહી કરે છે. મોદી માટે આ ચૂંટણી જીતવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. તેથી તેમણે ધુવાંધાર જાહેરસભાઓ યોજીને વિકાસથી માંડી બીફ અને અનામતના મુદ્દા આવરી લેતાં ભાષણોનો મારો ચલાવ્યો હતો. એમની સભાઓમાં ઊમટતી મેદની જોતાં જ એમ જ લાગે કે નીતીશ-લાલુનું ગઠબંધન ચોક્કસપણે હારી રહ્યું છે, પરંતુ એક્ઝિટ પોલ કંઈ જુદા જ તારણો બતાવે છે. જો ખરેખર નીતીશ-લાલુનું મહાગઠબંધન બિહાર કબજે કરવામાં સફળ થશે તો આ ઘટના મોદીશાસન માટે ચિંતાજનક પુરવાર થશે. મોદી સામે નીતીશ એક પ્રબળ દાવેદાર તરીકે ઊપસી આવશે અને આગામી વર્ષો દરમિયાન એમને ખુદ કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષે પણ વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ કરવા પડશે. નીતીશ-લાલુના ગઠબંધનથી જ્ઞાતિ-સમીકરણનું રાજકારણ પર પુનઃ જીવતું થઈ જશે, એટલું જ નહીં, બલકે ધર્મના નામે ચૂંટણી જીતવાના કારસા ખુલ્લા પડી જશે. ભારતની બહુમતી જનસંખ્યા હિંદુઓ હોવા છતાં આ હિંદુ બહુમતીએ 'હિંદુત્વ'ના કે ગાયના મુદ્દે એક લાકડીએ હાંકી શકાશે નહીં, એની ખુદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને અને એની રાજકીય પાંખ જેવી ભારતીય જનતા પાર્ટીને ખાતરી થઈ જશેને વળી, નામશેષ થઈ ગયેલી કોંગ્રેસ એના યુવા નેતા કરતાં ભાજપનો અને ભાજપના સર્વસત્તાધીશ મોદીને હરાવવા માટે નીતીશ પર વિશેષ ભરોસો મૂકવા મજબૂર બનશે. અલબત્ત, હજી ચૂંટણી પરિણામો આવ્યાં નથી, પરંતુ જે અણસાર સાંપડ્યા છે તે ભારતીય લોકશાહીનું કાઠું કેટલું સાબૂત છે તે જરુર દર્શાવી રહ્યા છે.

## કેળવણીની ઘટના જનસમાજની હાજતોને ઉદ્દેશીને હોવી એ કેળવણીનું સૂત્ર છે



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

આપણી આધુનિક કેળવણી રાષ્ટ્રીય નથી. તેથી પ્રજાને જે લાભ મળવો જોઈએ તે મળતો નથી. આપણા બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે તેઓ પુરુષાર્થહીન બને છે. તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજમાં નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો. આધુનિક કેળવણીનો ઉદ્દેશ પણ યુવક વર્ગને મન તો કેળવ નોકરી મેળવી આર્થિક સ્થિતિ વધારવાનો હોય છે.

ઉપરના ફકરામાં લખાયેલા શબ્દો આ કટાર લેખકના નથી. મહાત્મા ગાંધીના છે અને એ પણ લગભગ ૧૦૦ વર્ષ પહેલાના. ગાંધીજીના સ્વ હસ્તાક્ષરમાં આ પત્ર ૧૮ જાન્યુઆરી, ૧૯૧૭માં લખાયેલો જડે છે. પણ આ વાતો આજે પણ એટલી જ સારી છે. આઝાદી પણી પણ શિક્ષણ થકી સમાજ પરિવર્તન આપણે મેળવી શક્યા નથી. શિક્ષણ થકી મળેલા જ્ઞાનનો ફેલાવો જનસમાજ સુધી આપણે વિસ્તારી શક્યા નથી.

એક અધ્યાપક તરીકે દર વર્ષે પ્રથમ વર્ષમાં કૉલેજમાં પ્રવેશ મેળવતા યુવાનને મળવાનું થાય છે? ૧૦૦ માંથી ૯૯નો જવાબમાં ગ્રેજ્યુએટ બનીને નોકરી મેળવવાનો જ મનસૂબો જાણળા મળે છે. ગાંધીએ સ્પષ્ટ કહ્યું છે કે 'કેળવણીની ઘટના જનસમાજની હાજતોને ઉદ્દેશીને હોવી જોઈએ એ કેળવણીનું સૂત્ર છે. આપણી શાળાઓમાં આ વિચારને સ્થાન જ અપાયું નથી.'

પણ ગાંધી આ વિચાર જ પ્રગટ કર્યાથી ગનીમત માનનારા ન હતા.પરંતુ ખૂટતી બાબતો જોડવા માટેના પ્રયાસો પણ પ્રયોજતા. સત્યના આ પ્રયોગવીરે શિક્ષણમાં બદલાવ આણીને પ્રજામતને કેળવવાનો સીધો રસ્તો જોયો, 'રાષ્ટ્રીય નિશાળ ખોલવામાં.'

રાષ્ટ્રીય નિશાળમાં ભણતર કેવું હશે એની માર્ગદર્શક ભૂમિકા બાંધતા ગાંધી કહે છે કે મુખ્ય શિક્ષણ શારીરિક, માનસિક અને ધાર્મિક આપવામાં આવશે. શારીરિક શિક્ષણમાં ખેતીવાડીનું, વણાટનું કામ શીખવવામાં આવશે. સુથાર, લુહાર ઈત્યાદિના હથિયારોનો ઉપયોગ શીખવવામાં આવશે. આજે યુનિવર્સિટી ગ્રાંટસ કમિશન સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષા અભિયાન 'રુસા' (RUSA) અંતર્ગત વ્યવસાયિક અભ્યાસક્રમો દ્વારા કૉલેજિયન યુવાનો માટે કૉલેજ કક્ષાએ જ 'સ્કીલ ડેવલોપમેન્ટ' ના પ્રયાસો શરુ કરી રહી છે એમાં એ દૃષ્ટિએ ગાંધી વિચાર ઝીલાયો છે એમ કહી શકાય.

ગાંધી સુથારી-લુહારી કામ સાથે રમૂજ ન થાય તે માટેથી લઈને કેમ ચાલવું? (પર્સનાલિટી ડેવલોપમેન્ટ) અકસ્માત થાય કે આગ લાગે ત્યારે ચૂપકીદીથી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) કેમ કામ કરવું, આરોગ્ય સાચવણી સાથે ઘરઘથ્થુ ઈલાજો (નર્સિંગ) શીખવવાનું અને શરીરના અવયવોનું (ગાંધીએ જાતિય શિક્ષણ એવો શબ્દો વાપર્યા વગર કહ્યું છે) અને ઝાડપાનનું (પર્યાવરણ) શિક્ષણ અપાશે એમ નોંધ્યું છે.

રાષ્ટ્રીય શાળાના શિક્ષણ વિશે વધુ તેઓ કહે છે વિદ્યાર્થીઓના માનસિક શિક્ષણમાં ગુજરાતી, મરાઠી, હિંદી અને સંસ્કૃત ફરજિયાત શીખવવામાં આવશે. વાલી તરીકે આજના સમયે આપણે ભલે આપણા વ્હાલા સંતાનોને ગાડરિયા પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટે ઘેલા હોઈએ. પણ ગાંધી એ સ્પષ્ટ કર્યું હતું. 'રાષ્ટ્રીય શાળામાં પહેલા ત્રણ વર્ષ ઈંગ્રેજી શીખવવામાં નહીં આવે.' માનસિક શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો માનસિક વિકાસ અટવાય નહીં એ આશયે ત્રણ વર્ષ ઈંગ્રેજીને ભણતરમાંથી તિલાંજલિ આપવો જરુરી તેમને જરુર જણાઈ હશે.

આ ઉપરાંત ગણિતશાસ્ત્રમાં અંકગણિત, બીજ ગણિત તથા ભૂમિતિ, દેશી હિસાબ, નામું, ચાલુ તોલ, ઈતિહાસ, ભૂગોળ અને ખગોળવિદ્યાના મુળતત્ત્વો, રસાયણ શાસ્ત્રની

**ગાંધીની રાષ્ટ્રીય શાળાના અભ્યાસક્રમમાં ભાષા, ઈતિહાસ, ભૂગોળ, ગણિત ઉપરાંત પર્સનાલિટી ડેવલપમેન્ટ, ડિઝાસ્ટર મેનેજેન્ટ, નર્સિંગને પર્યાવરણના ભણતરને સ્થાન અપાયું હતું!**

પાયાની બાબતો તથા શિક્ષણમાં સામાન્ય ધર્મના તત્તવો શીખવવાનો સમાવેશ કરવામાં આવશે એમ 'ભાર વગરનું ભણતર' એવું કોઈ સૂત્રાત્મક વાક્ય વિશેષણ વગર સરળ ભણતર થકી શ્રેષ્ઠ ગમતરનો ઈલાજ તેમણે રાષ્ટ્રીય શાળા થકી દર્શાવ્યો હતો.

આ શાળામાં દર વર્ષે શિક્ષણ લેનારનું જ્ઞાન લગભગ સારા ગ્રેજ્યુએટ જેટલું હશે એવી

**અનુસંધાન પાના નં. ૭ પર**

## હંમેશા આનંદીત રહેતા લોકો ક્ષણને જીવી જાણે છે



### અદબ-પલાઠી મોં પર આંગડી

ડો. સંતોષ દેવકર

**"ફૂલો ખરી ગયાં ને**
**અત્તર બની ગયાં**
**ઈશ્વર થવાની લ્હાયમાં**
**પથ્થર બની ગયાં."** **(કુમાર જૈમિની શાસ્ત્રી)**

જીવન એક સંગ્રામ છે.સંગ્રામને જીવીએ. સંગ્રામને માણીએ. જીવન એ સમયનું બનેલું છે. સમય એજ જીવન. સમયની સાથે જીવીએ. સમયને સાચવીએ. સમયનો આદર કરીએ. જીવનમાં સમય મહત્ત્વનો હોય છે. અને સમય એ ક્ષણોનો બનેલો છે . જીવનની પ્રત્યેક ક્ષણને જીવીએ.

હંમેશા આનંદીત રહેતા લોકો ક્ષણને જીવી જાણે છે. જીવનની પ્રત્યેક ક્ષણને ઉત્સવથી ભરી દે છે. આનંદ એમના જીવનનો મહત્વનો હિસ્સો હોય છે. આનંદ અને ઉત્સાહથી જીવનારાઓ તરફ અન્ય લોકો આકર્ષાય છે. સૌને ઉત્સાહ ગમે છે. સૌને આનંદમય રહેવું ગમે છે. આનંદિત યુવાન-યુવતિ તરફ સૌ આકર્ષાય છે. સમયાંતે આનંદમય રહેવું એ સ્વભાવ બની જાય છે. સ્વભાવમાં આનંદભળે એ સોનામાં ભળતી સુગંધ કરતાંય વધુ મહત્ત્વનું છે. સદાય પ્રસન્ન રહેવું, આનંદિત રહેવું એ ઈશ્વરની સર્વોપરિ સેવા છે.

કેટલાક લોકો જીવનને માણવાનું ભૂલીને જે ભૂલવાનું છે તે યાદ રાખીને જીવે છે. સુખથી વંચિત રહેવાનું તેમને કોઠે પડતું જાય છે. કવિ મણિલાલ સુથારનું એક અછાંદસ કાવ્ય સુંદર વિચાર રજૂ કરે છે :

બે મળેલા મિત્રો દરિયા પાર રહીને પણ ખૂબ નજીક હોય છે,

જયારે એક જ પથારીમાં પડખે પડખે સૂતું યુગલ પણ

કયારેક તો વાણી, વર્તન અને વ્યવહારમાં માઈલોનું અંતર ધરાવતું હોય છે.

પ્રત્યેક ક્ષણને મન ભરીને જીવીએ. માણસ પેટ ભરીને ખાય છે. પણ મન ભરીને જીવતો નથી. મનને આનંદિત ક્ષણથી ભરીએ. તો ચાલો આજે આપણે જીવનની એક એક ક્ષણને જીવતી અને જીવાડતી એક જીવતી વાર્તાને માણીએ :

અમેરિકાની એક પરાંની એક કોલેજની વાત છે. ચાલુ વર્ષનો એ પહેલો દિવસ હતો અને પ્રોફેસર વર્ગના તમામ વિદ્યાર્થીઓને કહયું, તમે જેને બિલકુલ ન ઓળખતા હો તેમની સાથે પરિચય કરો.

હું ઊભો થયો અને કોની સાથે વાત કરવી તે શોધવા માટે આજુબાજુ જોતો હતો. તેવામાં મારા ખભાને કોઈએ સ્પર્શ કર્યો. મેં પાછુ વાળીને જોયુ તો એક કરચલીવાળો ચહેરો મારા તરફ સ્મિત કરી રહયો હતો. આ વૃધ્ધ સ્ત્રીનું ફકત મુખ જ નહીં પણ જાણે સમગ્ર અસ્તિત્વ ખુશીથી પુલકિત થઈ રહયું હતું. તેણે ઉત્સાહપૂર્વક કહયું, કેમ છે દોસ્ત, મારુ નામ રોઝ છે. હું ૮૭ વર્ષની છું. શું હું તને ભેટી શકું ? મેં સામું હસીને કહયું, ચોકકસ વળી....

અને તેણે મને જોરથી બાથ ભરી.

મેં રોઝને રમૂઝપૂર્વક પૂછયું, તમે આટલી જુવાન અને કાચી ઉંમરે કોલેજમાં શું કરી રહયા છો ? રોઝે પણ સામે રમૂજ કરતાં કહયું, હું અહીં એક ધનાઢય પતિ શોધી રહી છું....

તેની સાથે લગ્ન કરીશ, કેટલાંક બાળકોને જન્મ આપીશ અને પછી નિવૃત્ત થઈ વિશ્વભરના પ્રવાસે જઈશ. અમે બન્ને હસી પડયા. મેં કહયું, ના, પણ ખરેખર મારે જાણવું છે કે આ ઉંમરે તમે કોઈજમાં કેમ છો ? રોઝે કહયું, કોલેજમાં ભણવું તે મારુ એક સ્વપ્ન હતું, જે હું અહીં પરિપૂર્ણ કરી રહી છું.

વર્ગ પૂરો થયા પછી અમે કાફેમાં ગયાં, સાથે કોફી પીધી, ખૂબ વાતો કરી અને થોડા જ સમયમાં અમે ખૂબ ઘનિષ્ઠ મિત્રો બની ગયા. વર્ષ દરમિયાન રોઝ અમારા કેમ્પસની એક ચાહિતી વિદ્યાર્થીની બની ગઈ. તે જયાં જતી ત્યાં મિત્રો બનાવતી. બની ઠનીને કોલેજ આવતી અને કોલેજ જીવનને ભરપૂર માણતી.

વર્ષના અંતે એક કાર્યક્રમમાં ઉદ્બોધન કરવા અમે સૌએ રોઝને આમંત્રણ આપ્યું. તે દિવસે તેણે અમને જે શીખવ્યું તે હું જીવનભર નહીં ભૂલી શકું. તેની ઓળખાણ આપવામાં આવી અને પછી તે સૌને સંબોધન કરવા સ્ટેજ પર આવી.

ગળું ખોંખારીને તેણે શરૂઆત કરી, આપણે ઘરડા થઈએ છીએ એટલે રમવાનું બંધ નથી કરતા. આપણે રમવાનું બંધ કરી દઈએ છીએ એટલે ઘરડા થઈ જઈએ છીએ. હંમેશા યુવાન રહેવાનાં, હંમેશા ખુશ રહેવાના અને જીવનને આમ સફળતાપૂર્વક વિતાવવાનાં કેટલાંક રહસ્યો હું તમને કહેવા માગું છું.

એક તો આપણે દરરોજ ખૂબ હસવું જોઈએ. રમૂજવૃત્તિ અત્યંત મહત્ત્વની છે તે આપણને શારીરિક અને માનસિક બન્ને રીતે સ્વસ્થ અને ખુશ રાખે છે.

બીજું, આપણું કોઈ સ્વપ્ન હોવું જોઈએ. જે દિવસે તમે સ્વપ્નો જોવાનાં અને તેમને સાકાર કરવાના પ્રયત્નો છોડી દીધા તે દિવસે તમે મૃત્યુ પામ્યાં છો તેમ માની લેજો. આપણી આસપાસ કેટલાય લોકો છે જેઓ જીવતાં મડદાં જેવાં છે. અને તેમને એની ખબર નથી.

ત્રીજું, ઘરડાં થવામાં અને વિકસવા વચ્ચે બહુ મોટો ફર્ક છે. તમે ૧૯ વર્ષના હો અને એક આખું વર્ષ કશું ખાસ ઉત્પાદક કર્યા વિના વેડફો તો તમે ૨૦ વર્ષના જ નહીં. એક વધુ વર્ષ ઘરડાં થવાનાં છો. પરંતુ જયારે આપણે સર્જનાત્મક રીતે વર્ષ વિતાવીએ છીએ ત્યારે આપણે એ વધુ વર્ષ વિકસતા હોઈએ છીએ. ઘરડાં થતા નથી.

અને છેલ્લે કયારેય કોઈ બાબતનો અફસોસ ન કરશો. અમારા જેવા વૃધ્ધોને સામાન્ય રીતે કશું કર્યાનો નહીં, અફસોસ હંમેશાં કશું ન કર્યાનો હોય છે જેઓ આવો અફસોસ કર્યા કરે છે, તેમને જ સામાન્ય રીતે મૃત્યુનો ડર લાગતો હોય છે. એક સુંદર ગીત ગાઈને રોઝે પ્રવચન પુરુ કર્યુ. સૌએ રોઝને ઊભા થઈને તાળીઓથી વધાવી લીધી. વર્ષાન્તે રોઝે કોલેજની પદવી પણ પ્રાપ્ત કરી.

સ્નાતક થયાના એક અઠવાડિયા પછી રોઝનું નિદ્રામાંજ શાંતિપૂર્ણ મૃત્યુ થયું. અમારી કોલેજના બે હજાર ઉપરાંત વિદ્યાર્થીઓએ રોઝની અંતિમયાત્રામાં ભાગ લીધો. આ સ્ત્રીએ તેના ઉદાહરણ દ્વારા અમને શીખવાડયું હતું કે તમારે જે બનવું હોય અને જે સ્વપ્નો સાકાર કરવાં હોય તે માટે કયારેય મોડું થતું નથી હોતું .

**મિસરી**

**ફૂલો ખરી ગયાં ને અત્તર બની ગયાં**
**ઈશ્વર થવાની લ્હાયમાં પથ્થર બની ગયાં**

- santoshdevkar03@gmail.com

## તુજ આંગણે ઝળહળે દીપ દીપાવલિના; મુજ ગરીબને ગગને તારક ટમટમે! ફૂટે ફટાકડા તુજ આંગણે શિવાકાશીના, ને મુજ આંગણે ધુમાડાના ગોટેગાટા રમે!



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિવિધ સાહત્યિક કાર્યક્રમો અને વ્યાખ્યાનોમાળાઓનું આયોજન કરવામાં આવે છે તે અંતર્ગત, સાહિત્ય સભાનાં સભ્ય પ્રજ્ઞાબેન પટેલ દ્વારા તેમનાં સદ્ગત વાત્સલ્યમૂર્તિ માતા-પિતા : સ્વ. રેવાબહેન પટેલે તથા સ્વ. પટેલ (જાણીતા સાહિત્યકાર અને સમાજસેવી, લાડોલ, જિ. મહેસાણા)ની સ્મૃતિમાં; વ્યાખ્યાનમાળા યોજવા સાંપડેલ સહયોગથી, વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈ (સુપ્રસિદ્ધ સર્જક અને નવલકથાકાર) નું 'સમાજના પરિપેક્ષ્યમાં સેવા અને સાહિત્યની ભૂમિકા' વિષય પરનું વ્યાખ્યાન તા. ૭.૧૧.૨૦૧૫ ને શનિવારના રોજ સવારના ૯.૩૦ કલાકે, બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, ફાર્મસી કૉજેલ કેમ્પસ (કડી કેમ્પસ) ઘ-૬ પાસે, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

● ગાંધીનગરના કવિઓ દ્વારા, ગાંધીનગર વિષે લખાયેલી સ્વકૃતિઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ, પૂર્વસંધ્યાએ તા. ૧.૮.૨૦૧૫ના રોજ યોજનાર હતો, જે સંજોગાવશાત્ મુલતવી રાખવામાં આવ્યો હતો.

આ કૃતિઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ; હવે ગાંધીનગર સાહિત્ય સભા અને ગાંધીનગર શહેર વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૮.૧૧.૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે, ગાંધીનગર સાહિત્ય સભાની અચુક મળતી બેઠક દરમિયાન યોજવામાં આવેલ છે. જેમાં અગાઉ મોકલાવેલ કૃતિઓ પૈકી, દરેકે એક કૃતિનું પઠન કરવાનું રહેશે.

તો આ બંને સાહિત્યિક કાર્યક્રમોમાં, સંસ્થાના સભ્યો, સાહિત્યકારો/ભાવકો અને મહાનુભાવોને જરુરથી પધારવા હાર્દિક સ્નેહભર્યું જાહેર નિમંત્રણ છે.

સાહિત્યસભાનું ગૌરવ

● ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ અને રાજયના અગ્રણી હરોળના સાહિત્યકાર અનો કોલમીસ્ટ દોલત ભટ્ટ લિખિત ખ્યાતનામ નવલકથા 'કૈકેયી' પરથી સર્જિત નાટક તા. ૮.૧૧.૨૦૧૫ને રવિવારના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાઈ રહ્યું છે.

આ નાટકના સંવાદો પણ દોલત ભટ્ટ દ્વારા લખવામાં આવ્યા છે અને નાટ્ય રૂપાંતર અને દિગ્દર્શન રાજુ બારોટ દ્વારા કરાયું છે અને કલાગુર્જરી સંસ્થાના ઉપક્રમે આ નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગાંધીનગર સાહિત્ય સભા અને નગર માટે એક ગૌરવપૂર્ણ બાબત છે. ગાંધીનગર સારિત્ય સભા પરિવાર તરફથી માન. દોલત ભટ્ટને અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓનો દધિછલકતો રસથાળે સાદર.

● ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય અને અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા ડૉ. પ્રણવ પી. જોશીપુરા દ્વારા, ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થા (યુજીસી) દ્વારા સોંપાયેલ નાટકો, ઈતિહાસ અને કલ્ચરલ સ્ટડીઝ અન્વયનો પ્રોજેક્ટ એપ્રિલ ૨૦૧૫માં પૂર્ણ કરીને યુજીસીએ સોંપેલ છે. સમગ્ર વિશ્વમાં આ વિષયપર પ્રથમવાર સંશોધન કાર્ય થઈ રહ્યું છે. જોશીપુરાને સને ૨૦૧૨માં 'પ્લેઈઝ ઑફ ઈન્ડિયન ડાયસ્પોરા ઈન સાઉથ આફ્રિકા' વિષય પર સંશોધન કાર્ય માટે એવોર્ડ એનાયત થયેલ હતો. તેમણે અગાઉ માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ હેઠળ ભારતીય મહેશ દમાણીનાં નાટકો સંપન્ન કર્યા છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નાટકોપર સંશોધનપત્રો રજૂ કર્યા છે. જે ગાંધીનગર સાહિત્ય સભા માટે ગૌરવની બાબત છે. સાહિત્ય પરિવાર તરફથી ડૉ. પ્રણવ જોશીપુરાને અંતરના ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર.

સાહિત્યવૃત્ત સંચય

● 'નયા માર્ગ' ના તંત્રી અને કર્મશીલ પત્રકાર ઈન્દુકુમાર જાનીને કૈલાસ ગુરુકુળમાં મોરારિ બાપુના સાનિધ્યમાં મળેલ 'સદ્ભાવના પર્વ-૭'માં સદ્ભાવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા, જે સન્માનમાં તેમળે મણેલ રૂા. ૫૧,૦૦૦/- એકાવન હજારની દ્રવ્ય રાશિ તેમજ 'નયા માર્ગ'ને અર્પણ કરી હતી.

● સ્વાસ્થ્ય પરનાં પચ્ચીસ પુસ્તકોના લેખકે, ચિંતક અને આરોગ્ય શિક્ષણ સલાહકાર, જીવનોપયોગી સ્વાસ્થ્ય વિષયક ગ્રંથકાર, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટના સ્થાપક તથા ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિયન, ગુજરાતના જનરલ સેક્રેટરી ડૉ.વિનુભાઈ એમ. પટેલને મહામહિમ રાજયપાલ ઓમપ્રકાશ કોહલીજીના હસ્તે 'સારસ્વત એવોર્ડ' તથા 'ગ્લૉરી ઓફ ગુજરાત-૨૦૧૫' એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. તેઓને કેન્દ્ર અને રાજય સરકારના ૬ એવોર્ડ, ઉચ્ચ સંસ્થાઓના ૮ એવોર્ડ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ વેલફેરનો આ ૧૫મો એવોર્ડ છે.

● મુંબઈની 'સુધીર શાહ એન્ડ એસોસિયેટ્સ' સંસ્થા તરફથી દર વર્ષે યોજાતી 'કાકાસાહેબ પ્રવાસ વર્ણન નિબંધ સ્પર્ધા' અંતર્ગત સને ૨૦૧૫ની યોજાયેલ નિબંધ સ્પર્ધામાં; ૨૫૦ જેટલા નિબંધોમાંથી, યુવાલેખક મનિષ મેકવાનનો નિબંધ 'બેંગકોક : એક થાઈ છોકરીની પ્રાર્થના' ઉત્કૃષ્ટ નિવડતાં, તેમને રૂા. એકાવન હજારનું ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. મનીષ મેકવાન ગુજરાતી નવલકથા ક્ષેત્રે ક્રાંતિકારી વિચારો ધરાવતી 'જેહાદી ભાગેહ' અને 'જખમ' જેવી વિષયનાવીન્ય ધરાવતી નવલકથાઓના સર્જક છે તથા 'હેપ્પી ક્રિસમસ એલી' એ તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. તેઓ ગુજરાતી અખબાર 'નવગુજરાત સમય'ના આસિ. એડીટર છે અને 'ક્રોસ કનેકશન' કોલમ ચલાવે છે.

**દધિમુક્તક**

*તુજ આંગણે ઝળહળે દીપ દીપાવલિના;*
*મુજ ગરીબને ગગને તારક ટમટમે!*
*ફૂટે ફટાકડા તુજ આંગણે શિવાકાશીના,*
*ને મુજ આંગણે ધુમાડાના ગોટેગાટા રમે!*

**હાઈકુ**

તું શું જાણે છે?
આ જગે છે કૃતઘ્ની
સ્વાર્થભર્યાં સૌ!

નિશા વહી ગૈ,
આદિત્ય ડોકાયો ત્યાં
ક્ષિતિજ ધારે!

અહંકારને
ખપાવે છે મૂર્ખાઓ
સ્વાભિમાનમાં!

- muljibhaidadhi@gmail.com